Extra No. 91

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ/૨૦૨૬/૪૨/આરડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૪/૨૬૧૦/એચ૧. -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

The Gujarat Stamp Act, 1958

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક. જીએચએમ/૨૦૨૬/૪૨/આરડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૪/૨૬૧૦/એચ૧:- ગુજરાત સરકારે, મહેસૂલ વિભાગના તારીખ: ૧૬મી નવેમ્બર, ૨૦૨૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૨૦૨૧-૧૩૧-એમ-એસટીપી-૧૨૨૦૨૦-૧૭૫૧-એચ-૧. થી, ઉપર્યુક્ત જાહેરનામા સાથે જોડેલા કોષ્ટકમાં વર્ણવેલા અમુક બિન-નોંધણીપાત્ર દસ્તાવેજો માટે નેશનલ ઈ-ગવર્નન્સ સર્વિસીસ લિમિટેડ (NeSL)ના વેબ પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં કરવામાં આવેલા દસ્તાવેજોના ડિજિટલ ઈ-સ્ટેમ્પિંગનો અમલ કરવા માટે સેન્ટ્રલ રેકર્ડ કીપિંગ એજન્સી (CRA) એટલે કે સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SHCIL)ને અધિકૃત કર્યું છે;

અને ગુજરાત સરકારે, બાંયધરી પત્રના સંબંધમાં, એનઈએસએલ (NeSL) ઉપરાંત સ્વિફ્ટ ઈન્ડિયા ડોમેસ્ટિક સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (સ્વિફ્ટ ઈન્ડિયા)ના વેબ પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં કરવામાં આવેલા દસ્તાવેજોના ડિજિટલ ઈ-સ્ટેમ્પિંગનો અમલ કરવા માટે સીઆરએ (CRA) એટલે કે એસએચસીઆઈએલ (SHCIL)ને અધિકૃત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત સ્ટેમ્પ (ઈ-સ્ટેમ્પિગ દ્વારા ડ્યુટીની ચુકવણી) નિયમો, ૨૦૧૪ સાથે વાંચતાં, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૨ના ખંડ (ડ)ના પેટા-ખંડ (૪) અને કલમ ૧૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ-૧માં વર્ણવ્યા પ્રમાણે કોષ્ટકમાં નિર્દિષ્ટ નીચેના બિન-નોંધણીપાત્ર દસ્તાવેજ (લેખ) માટે, સ્વિફ્ટ ઈન્ડિયા ડોમેસ્ટિક સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (સ્વિફ્ટ ઈન્ડિયા)ના વેબ પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં કરવામાં આવેલા દસ્તાવેજોનું ડિજિટલ ઈ-સ્ટેમ્પિંગ અમલમાં મૂકવા માટે સેન્ટ્રલ રેકર્ડ કીપિંગ એજન્સી (CRA) એટલે કે સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SHCIL)ને, અધિકૃત કરે છે:-

કોષ્ટક

અનુક્રમાંક	આર્ટિકલ નંબર	દસ્તાવેજોનું વર્ણન
(૧)	(૨)	(૩)
૧	૩૨	બાંયધરી પત્ર

નોંધ:

૧. ગુજરાત સરકાર સાથે તારીખ: ૧૪-૦૩-૨૦૨૨ ના રોજ થયેલા કરારની બોલી અને શરતો અનુસાર સેન્ટ્રલ રેકર્ડ કીપિંગ એજન્સી (CRA) એટલે કે સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SHCIL)ને ૦.૬૫% કમિશન મળશે.

૨. અધિકૃત વસૂલાત કેન્દ્ર (ACC) તરીકે કાર્ય કરવા માટે સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SHCIL)ને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.21 18:34:42 IST